# NEETના પરીક્ષાર્થીઓ માટે 13 સ્ટેશનો પર હેલ્પ ડેસ્ક ઊભા કરાયા

**પરીક્ષાર્થીઓની** સહાયતા માટે રેલવે તંત્ર સજ્જ

સુરતઃ આગામી તારીખ 21 જૂન 2026 રવિવારના રોજ યોજાનારી NEET ને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા પરીક્ષાર્થીઓ અને તેમની સાથે આવતા વાલીઓની સુવિધા તેમજ સહાયતા માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મુસાફરોની સુવિધા અને ભીડના યોગ્ય સંચાલન માટે પશ્ચિમ રેલવેના 13 પ્રમુખ સ્ટેશનો પર વિશેષ હેલ્પ ડેસ્ક સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. પરીક્ષાર્થીઓને માર્ગદર્શન આપવા માટે સુરત, નવસારી, વલસાડ, વાપી, ચર્ચગેટ, મુંબઈ સેન્ટ્રલ, દાદર, બાંદ્રા, અંધેરી, બોરીવલી, ભાયંદર, વસઈ રોડ, અને પાલઘર પર હેલ્પ ડેસ્ક કાર્યરત રહેશે.મુસાફરોની સુરક્ષા અને પરીક્ષાર્થીઓની સરળ અવરજવર માટે રેલવે દ્વારા વિશેષ સ્ટાફ નિયુક્ત કરવામાં આવ્યો છે.

### સ્પેશિયલ ટ્રેનો દોડાવાશે

પરીક્ષાના કારણે મુસાફરોની વધતી સંખ્યાને પહોંચી વળવા માટે રેલવે દ્વારા બે સ્પેશિયલ ટ્રેનો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ટ્રેન નંબર 09471 બાંદ્રા ટર્મિનસ- મણિનગરસ્પેશિયલ અને ટ્રેન નંબર 09351 બાંદ્રા ટર્મિનસ- ડો. આંબેડકર નગર સ્પેશિયલનો સમાવેશ થાય છે. સૌથી મહત્વની બાબત એ છે કે સામાન્ય રીતે રવિવારે ટ્રેનોની સંખ્યા ઓછી હોય છે, પરંતુ આ રવિવારે પશ્ચિમ રેલવે નેટવર્ક પર તમામ 1414 સબર્બન (લોકલ) સેવાઓ સંપૂર્ણપણે કાર્યરત રહેશે, જેથી વિદ્યાર્થીઓને મુસાફરીમાં કોઈ મુશ્કેલી ન પડે.

### સ્ટેશનો પર પીવાના પાણીની વ્યવસ્થા કરાઈ

સ્ટેશનો પર અપેક્ષિત ભીડને ધ્યાનમાં રાખીને પીવાના શુદ્ધ પાણીની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ સ્ટેશન સ્ટાફને વોટર બૂથ અને વોટર વેન્ડિંગ પોઇન્ટ ચાલુ અને યોગ્ય હાલતમાં રાખવા સૂચના અપાઈ છે જેથી વિદ્યાર્થીઓને સરળતાથી પીવાનું પાણી મળી રહે. ફીલ્ડ ઓફિશિયલ્સ દ્વારા સ્ટેશનો પર મુસાફરોની અવરજવરનું સતત મોનિટરિંગ કરવામાં આવશે અને સંબંધિત વિભાગો સાથે યોગ્ય તાલમેલ રાખવામાં આવશે. પરીક્ષાર્થીઓ અને વાલીઓની સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી માટે સ્ટેશનો પર નિયમિત અંતરે પબ્લિક એનાઉન્સમેન્ટ અને ટ્રેન સંબંધિત અપડેટ્સ પણ આપવામાં આવશે.

આ અંતર્ગત કુલ 26 કોમર્શિયલ સ્ટાફ અને આરપીએફના જવાનો તૈનાત રહેશે. આ ઉપરાંત 13 ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ અને CMI પણ સ્થળ પર હાજર રહેશે. આ સ્ટાફ પરીક્ષા કેન્દ્રોની માહિતી ટ્રેન કનેક્ટિવિટી અને આગળની મુસાફરી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે, તેમજ ભીડનું વ્યવસ્થાપન અને સુરક્ષા સુનિશ્ચિત કરશે.

# ચોમાસું ખેંચાતા ખેતી માટે 10 કલાક વીજળી મળશે

**ખેડૂત** અગ્રણી જયેશભાઈ પટેલની રજૂઆત બાદ રાજ્ય સરકારે લીધો મહત્વનો નિર્ણય

સુરત, સાયણ : દક્ષિણ ગુજરાત સહિત રાજ્યભરમાં ચોમાસું ખેંચાતા ખેડૂતોમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. ડાંગર, શેરડી તેમજ બાગાયતી પાકોને પૂરતા પાણીના અભાવે નુકસાન થવાની ભીતિ વચ્ચે ખેડૂત અને સહકારી અગ્રણી જયેશભાઈ એન. પટેલ (દેલાડ) દ્વારા રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતને પગલે સરકારે ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યમાં ચોમાસાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કૃષિ વિષયક વીજ ફીડરોમાં આપવામાં આવતા વીજ પુરવઠાના કલાકોમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. અગાઉ ખેડૂતોને રોજના 8 કલાક વીજ પુરવઠો આપવામાં આવતો હતો, જે હવે વધારીને 10 કલાક કરવાનો નિર્ણય લેવાયો છે.

રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદના અભાવે સિંચાઈ માટે ખેડૂતોને વીજળી આધારિત સાધનો પર વધુ નિર્ભર રહેવું પડી રહ્યું છે. આવી સ્થિતિમાં પાકના વાવેતર અને ઉછેર પર અસર ન પડે તે માટે એક માસ સુધી વધારાના બે કલાક વીજ પુરવઠો આપવાની સૂચના આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા GUVNL ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO) તેમજ સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર (SLDC)ને આ નિર્ણયનો તાત્કાલિક અમલ કરવા સૂચના આપવામાં આવી છે. સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી હાથ ધરી ખેડૂતોને નિયમિત અને પૂરતો વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવા જણાવાયું છે. જયેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ચોમાસું વિલંબિત થતાં ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા સમયસર નિર્ણય લેવાતા ડાંગર, શેરડી, કેળા, પપૈયા સહિતના પાકોને જરૂરી પાણી મળી રહેશે.

# કાંઠા સુગરના કૌભાંડી આરોપીઓ ઓલપાડ પોલીસને દેખાતાં નથી

**ધરપકડમાં** વિલંબ કરનારા અધિકારીઓ સામે વિભાગીય પગલાં ભરવા ડો.તુષાર ચૌધરીની ડીજીપીને રજૂઆત

સુરત : સુરત જિલ્લાના ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કાંઠા સુગર સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી(ઓલપાડ સુગર) ના કરોડો રૂપિયાના ગેરવહીવટ અને છેતરપિંડીના કેસમાં વોન્ટેડ તથા ભાગેડુ આરોપીઓની હજુ સુધી ધરપકડ ન થતાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા, ધારાસભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો .તુષાર અમરસિંહ ચૌધરીએ રાજ્યના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) સમક્ષ લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ડો. ચૌધરીએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે કાંઠા સુગર સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીમાં થયેલા કરોડો રૂપિયાના નાણાકીય ગેરવહીવટ, ખોટા દસ્તાવેજો તૈયાર કરવા, ખોટા સ્ટોક વેરિફિકેશન અને લોન મેળવવા માટે થયેલી ગેરરીતિઓ અંગે પોલીસ તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. તેમ છતાં કેટલાક આરોપીઓને ચાર્જશીટમાં વોન્ટેડ અથવા ભાગેડુ તરીકે દર્શાવવામાં આવ્યા હોવા છતાં તેમની ધરપકડ કરવામાં આવી નથી.તેમણે વધુમાં આક્ષેપ કર્યો છે કે વોન્ટેડ જાહેર કરાયેલા આરોપીઓ ખુલ્લેઆમ અવરજવર કરી રહ્યા છે તેમજ પોતાના વ્યવસાય અને દૈનિક કાર્યો પણ કરી રહ્યા છે. છતાં તેમની સામે કાયદેસરની કાર્યવાહી ન થવાને કારણે સમગ્ર તપાસ પ્રક્રિયા અને કાયદાના અમલ અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

ડીજીપીને કરાયેલી રજૂઆતમાં ડો. ચૌધરીએ સમગ્ર પ્રકરણની ઉચ્ચ કક્ષાએથી સ્વતંત્ર તપાસ કરાવવાની, વોન્ટેડ આરોપીઓની તાત્કાલિક ધરપકડ સુનિશ્ચિત કરવાની તેમજ ધરપકડમાં થયેલા વિલંબ માટે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. સાથે જ જો કોઈ પોલીસ અધિકારી દ્વારા આરોપીઓને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય તો તેમની સામે વિભાગીય તેમજ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા પણ રજૂઆત કરવામાં આવી છે. ડો. ચૌધરીએ જણાવ્યું હતું કે જાહેર હિત, પારદર્શિતા અને ન્યાયના હિતમાં આ સમગ્ર મામલાની ગંભીરતાપૂર્વક તપાસ થવી જરૂરી છે. કાયદાનું શાસન જળવાઈ રહે અને લોકોનો ન્યાયતંત્ર તથા પોલીસ તંત્ર પ્રત્યેનો વિશ્વાસ અખંડિત રહે તે માટે સરકાર અને પોલીસ તંત્રએ ત્વરિત પગલાં ભરવા જોઈએ.

# સુમુલના 1000 કૌભાંડના જવાબદારોને ગેરલાયક ઠેરવો

**તપાસમાં** અહેવાલમાં હોદ્દેદારો ડિરેક્ટર્સના ફોર્મ રદ ન થાય તો દર્શન નાયક ચૂંટણી અધિકારીના નિર્ણયને હાઇકોર્ટમાં પડકારાશે

સુરત : સુમુલમાં વર્ષ 2015થી 2020 દરમિયાન થયેલા કથિત 1000 કરોડ રૂપિયાની ગેરરીતિ અને કૌભાંડ પ્રકરણોની તપાસનો અહેવાલ મંગાવી જવાબદાર ઠરેલા હોદ્દેદારો અને ડિરેક્ટરોને ચૂંટણી લડવા માટે ગેરલાયક જાહેર કરવાની માંગ ઉઠી છે. સાંધિયેર ડેરી મંડળીના સભાસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનકુમાર એ. નાયકે સુમુલના ચૂંટણી અધિકારી તથા નાયબ કલેક્ટર (સિટી પ્રાંત-ઉત્તર) નેહા એન.સવાણીને આજે રૂબરૂ લેખિત વાંધા અરજી કરી છે.

વાંધા અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે વર્ષ 2015થી 2020 દરમિયાન સુમુલ ડેરીમાં અનેક આર્થિક ગેરરીતિઓ અને વહીવટી કૌભાંડો થયા હતા. અરજીમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે દૂધ સહકારી મંડળીઓની રચના, દૂધ ખરીદીમાં નિયમોનું ઉલ્લંઘન થયું છે. ઉપરાંત પૂર્વ સાંસદ માનસિંહ પટેલ દ્વારા વર્ષ 2020માં વડાપ્રધાનને લખાયેલા પત્રમાં પણ સુમુલ ડેરીના વહીવટ અને રૂ. 1000 કરોડની લોન અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવવામાંની વાત રજૂ કરાઈ છે. વાંધા અરજીમાં મહુવા સુગર ફેક્ટરી પાસેથી મોલાસિસ ખરીદીના વ્યવહારો, ઈ-ટેન્ડરિંગ પ્રક્રિયા વિના કરવામાં આવેલી ખરીદી તથા અન્ય કથિત ગેરરીતિઓની પણ તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે.

દર્શન નાયકે માંગ કરી છે કે તપાસ અહેવાલના આધારે જો કોઈ ડિરેક્ટર કે હોદ્દેદાર ગેરરીતિમાં જવાબદાર ઠર્યા હોય તો તેમને સુમુલ ડેરીની 2026ની ચૂંટણીમાં ઉમેદવારી માટે ગેરલાયક જાહેર કરવામાં આવે. સાથે જ, જો આ ફરિયાદ અંગે કાયદેસર કાર્યવાહી નહીં કરવામાં આવે તો મામલો ગુજરાત હાઈકોર્ટમાં પડકારવાની ચેતવણી પણ અરજીમાં આપવામાં આવી છે.

# ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર

**મેરીટમાં** 13,461 વિદ્યાર્થીનો સમાવેશ, મોક રાઉન્ડની ચોઇસ ફિલિંગ પ્રક્રિયાનો પણ પ્રારંભ

અમદાવાદઃ રાજ્યની પ્રથમ વર્ષ ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રવેશ સમિતિ દ્વારા 19 જૂન, 2026ના રોજ પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. સાથે જ વિદ્યાર્થીઓ માટે મોક રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ 25 જૂન, 2026 સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. જ્યારે ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીનું ફાઈનલ મેરિટ લિસ્ટ તથા મોક રાઉન્ડનું પરિણામ 27 જૂન, 2026ના રોજ જાહેર કરવામાં આવશે.

પ્રવેશ વર્ષ 2026 માટે ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીમાં કુલ 14,418 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાંથી ગુજસેટ અને બોર્ડ આધારિત મેરિટ મુજબ 13,461 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં 5,639 વિદ્યાર્થી અને 7,822 વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. પ્રવર્તમાન નિયમો અનુસાર સરકારી અને અનુદાનિત સંસ્થાઓની 95 ટકા બેઠકો તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની 50 ટકા બેઠકો પર ગુજસેટના આધારે પ્રવેશ આપવામાં આવશે. જ્યારે સરકારી બેઠકોમાંથી 5 ટકા બેઠકો જેઈઈ/નીટ આધારિત રહેશે. નીટનું પરિણામ જાહેર થયા બાદ સંબંધિત મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે.

મેરિટ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓમાં ગુજરાત બોર્ડના 12,049, CBSEના 1,223 તેમજ ICSE, Cambridge, NIOS, IB અને અન્ય બોર્ડના કુલ 189 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. કેટેગરી મુજબ જનરલના 4,539, ઈડબલ્યુએસના 2,686, એસસીના 908, એસઈબીસીના 4,130 અને એસટીના 1,198 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ 25 જૂન, 2026 સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. જ્યારે ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીનું ફાઈનલ મેરિટ લિસ્ટ તથા મોક રાઉન્ડનું પરિણામ 27 જૂન, 2026ના રોજ જાહેર કરવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત રાજ્યની કુલ 160 સંસ્થાઓમાં 12,820 બેઠકો ઉપલબ્ધ છે. જેમાં બી,ફાર્મની 122 સંસ્થાઓમાં 10,482 બેઠકો અને ડી. ફાર્મની 38 સંસ્થાઓમાં 2,338 બેઠકોનો સમાવેશ થાય છે. સરકારી અને અનુદાનિત સંસ્થાઓની કુલ 7,558 બેઠકો માટે મોક રાઉન્ડની કાર્યવાહી હાથ ધરાશે, જ્યારે સ્વનિર્ભર સંસ્થાઓની 5,262 મેનેજમેન્ટ બેઠકો પર સંબંધિત સંસ્થાઓ દ્વારા પ્રવર્તમાન નિયમો અનુસાર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## ગુજરાતમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની રચના

ગાંધીનગર : ગુજરાતમાં ડ્રગ્સના વધતા દૂષણ અને આંતરરાજ્ય-આંતરરાષ્ટ્રીય નશીલા પદાર્થોના નેટવર્કને તોડવા માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ગૃહ વિભાગે અધિક પોલીસ મહાનિર્દેશક (ADG)ના નેતૃત્વ હેઠળ વિશેષ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF)ની રચના કરી છે. રાજ્યભરમાં 6 વિશેષ પોલીસ સ્ટેશન સ્થાપી તેમને અલગ-અલગ જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે. ડ્રગ્સની હેરફેર - દાણચોરીને ધરમૂળથી નાબૂદ કરવા માટે આ ટાસ્ક ફોર્સને કાયદાકીય રીતે વિશેષ સત્તાઓ પણ આપવામાં આવી છે. રાજ્ય સરકારના નિર્ણય મુજબ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સમાં અધિક પોલીસ મહાનિર્દેશક થી માંડીને આઈજી, ડીવાયએસપી, પોઈ અને પોસઈ કક્ષાની અલગ-અલગ પોસ્ટો ઉભી કરવામાં આવી છે. દરેક ઝોનલ પોલીસ સ્ટેશનનું સંચાલન ડીવાયએસપી કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવશે.

# બારડોલી કેસની તપાસમાં ક્ષતિ બદલ કીમનો ASI સસ્પેન્ડ

**તપાસ** ફાઈલો, પુરાવા અને કાર્યવાહીનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કરતાં દોષિત જણાયા



કીમઃ સુરત જિલ્લા પોલીસ તંત્રે ફરજમાં બેદરકારી દાખવનારા પોલીસ અધિકારી સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. કીમ પોલીસ મથકમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) મહેન્દ્ર સુથારને સુરત જિલ્લા પોલીસ અધિક્ષક (SP) રાજેશ ગઢિયાએ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. બારડોલી પોલીસ મથકમાં નોંધાયેલા એક ગંભીર ગુનાની તપાસ દરમિયાન બેદરકારી દાખવવાના આક્ષેપોને પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ બારડોલી પોલીસ મથકમાં નોંધાયેલા ગંભીર ગુનાની તપાસ ASI મહેન્દ્ર સુથારને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન જરૂરી કાળજી અને ગંભીરતા ન દાખવાતાં તેમજ તપાસ પ્રક્રિયામાં ખામીઓ રહી હોવાનું ઉચ્ચ અધિકારીઓની સમીક્ષામાં સામે આવ્યું હતું. સમગ્ર કેસની તપાસ ફાઈલો, પુરાવા અને કાર્યવાહીનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કર્યા બાદ સુરત જિલ્લા SP રાજેશ ગઢિયાએ મહેન્દ્ર સુથારને તપાસમાં કસૂરવાર ઠેરવી તેમની સામે શિસ્તભંગના ભાગરૂપે સસ્પેન્શનની કાર્યવાહી કરી છે. ફરજ પ્રત્યેની બેદરકારી અને તપાસમાં નિષ્ફળતા બદલ તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ કાર્યવાહી બાદ સુરત જિલ્લા પોલીસ વિભાગમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે. પોલીસ તંત્રે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ગુનાની તપાસમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે લાપરવાહી સહન કરવામાં આવશે નહીં અને ફરજ પ્રત્યે બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

### હીરામાં મંદી આવી ને રત્નકલાકાર બન્યો પેડલર

# વિદેશી નંબરના વોટ્સઅપથી ચાલે છે હાઈબ્રીડ ગાંજાનો ગોરખધંધો

**અડાજણમાંથી** રૂ.૧૭.૩૯ લાખના હાઇબ્રિડ ગાંજા સાથે ચોકબજારનો રત્નકલાકાર ઝડપાયો, કતારગામનો સપ્લાયર વોન્ટેડ

સુરતઃ એસ.ઓ.જી.એ અડાજણમાંથી ગાંજાની મોટી ખેપ ઝડપી પાડી છે. ભરીમાતા રોડ પર આવેલા બ્લુ કેન્ડલ એપાર્ટમેન્ટમાં રહેતો રવિરાજ મનસુખભાઈ મારવણીયા (ઉં.વ.૩૫, રત્નકલાકાર) હાઈબ્રિડ ગાંજાનું વેચાણ કરે છે અને ગ્રે કલરની હોન્ડા એક્ટિવા મોપેડ (નં. GJ 05 TJ 9997) પર જથ્થો લઈને અડાજણ સર્કલ શિલાલેખ એપાર્ટમેન્ટ તરફ આવવાનો છે. વોચ ગોઠવી પોલીસે તેને ઝડપી પાડી 17.39 લાખનો 497 ગ્રામ હાઈબ્રિડ ગાંજો કબજે લીધો હતો. પોલીસે આરોપી પાસેથી હાઈબ્રિડ ગાંજો, રૂ. 17,200ની રોકડ, રૂ.10 હજારનો મોબાઈલ ફોન અને રૂ.75 હજારની એક્ટિવા મોપેડ સહિત કુલ રૂ.18,41,700નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ ગજેરા સર્કલ, કતારગામ વિસ્તારમાં રહેતા પાર્થ ઉર્ફે એ.ટી. પાસેથી છૂટક વેચાણ માટે આ જથ્થો મેળવ્યો હોવાનું કબૂલ્યું હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપી રવિરાજના વિદેશી નંબરોવાળા વોટ્સએપ એકાઉન્ટ્સની પણ તપાસ શરૂ કરી છે.

### એક ખેપમાં 4થી 5 હજાર કમાતો હતો

પોલીસ પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે, હીરામાં મંદી હોવાથી તે 6 મહિના પહેલાં હાઇબ્રિડ ગાંજાના વેપારમાં આવ્યો હતો. 6 મહિનામાં 7મી વખત ગાંજો લાવી છૂટકમાં વેચે તે પહેલાં પોલીસના હાથે લાગ્યો હતો. એક ખેપ ગાંજાની મારી ગાંજો છૂટકમાં વેચી તે ચારથી પાંચ હજાર કમાતો અને પોતાના ખર્ચો કાઢતો હોવાની કબૂલાત કરી હતી.

# ITR-૩ ફોર્મ જાહેર: AISનો ડેટા મેચ કરવો ફરજિયાત

**ફોર્મ** સમયસર જાહેર થતાં વેપારીઓ અને પ્રોફેશનલ્સને મોટી રાહત

સુરતઃ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા કરદાતાઓ માટે એક મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. વિભાગે નાણાકીય વર્ષ માટે ઈ-ફાઈલિંગ પોર્ટલ પર આઈટીઆર-૩ (ITR-3) ફોર્મ સત્તાવાર રીતે બહાર પાડી દીધું છે. આ ફોર્મ જાહેર થતાં જ બિઝનેસમેન અને પ્રોફેશનલ્સ માટે પોતાનું ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. આ વખતે ડિપાર્ટમેન્ટે સમયસર ફોર્મ ઉપલબ્ધ કરાવીને વિભાગે કરદાતાઓને રાહત આપી છે.

આઈટીઆર-૩ ફોર્મ ખાસ કરીને એવા વ્યક્તિઓ અને હિન્દુ અવિભક્ત પરિવારો (HUF) માટે છે. આવકવેરા વિભાગે આ વર્ષના આઈટીઆર-૩ ફોર્મમાં કેટલાક મહત્ત્વના ફેરફારો સામેલ કર્યા છે. કરદાતાઓએ રિટર્ન ભરતી વખતે તેમના એન્યુઅલ ઈન્ફોર્મેશનલ સ્ટેટમેન્ટ (AIS) અને ફોર્મ 26એએસ સાથે ડેટા મેચ કરવો અનિવાર્ય રહેશે, જેથી કોઈ વિસંગતતા ન સર્જાય.આઈટીઆર-૩ ફોર્મ લાઈવ થતાં જ ટેક્સ પ્રોફેશનલ્સે પણ કરદાતાઓના ઓડિટ અને ડેટા કમ્પાઈલેશનની કામગીરી ઝડપી બનાવી દીધી છે. સીએ પ્રજ્ઞેશ જગાશેઠે કહ્યું કે, આ વખતે સમયસર ડિપાર્ટમેન્ટે આઈટીઆર-3 ફોર્મ જાહેર કરતાં ધંધાર્થી, પ્રોફેશનલ્સને રિટર્ન ફાઈલ કરવામાં પૂરતો સમય મળી રહેશે. છેલ્લી ઘડીની દોડધામ નહીં કરવી પડે.

### સુરતમાં પ્રિમોન્સૂન એક્ટિવિટીનો ધીમી ગતિએ પ્રારંભ

# કામરેજમાં 32 સુરતમાં 7 મીમી સિઝનનો પ્રથમ વરસાદ નોંધાયો

**તાપમાનમાં** આંશિક વધારો, ભેજનું પ્રમાણ યથાવત

સુરતઃ શહેરમાં આજે સિઝનનો પ્રથમ વરસાદ નોંધાયો હતો. સાથે જ કામરેજમાં પણ સવા ઇંચ જેવો વરસાદ નોંધાયો છે. જ્યારે બપોરે તાપમાન વધતા શહેરમાં ગરમીનો અહેસાસ વધ્યો હતો.

સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં 0.3 ડિગ્રીનો વધારો નોંધાતા તે 35.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ આંશિક વધીને 28.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસ દરમિયાન હવામાં 62 ટકા ભેજનું પ્રમાણ રહ્યું હતું, જેના કારણે લોકોને ગરમી સાથે બફારાનો પણ અનુભવ થયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન આશરે 10 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો, જે આગામી દિવસોમાં ચોમાસાના આગમનના સંકેતો આપી રહ્યો છે.

જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મોડી રાત્રે છૂટોછવાયો વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને કામરેજ તાલુકામાં 32 મીમી વરસાદ પડ્યો હતો, જ્યારે સુરત શહેર વિસ્તારમાં 7 મીમી વરસાદ નોંધાયો હતો. આ સાથે સુરત સિટી અને કામરેજમાં આ સિઝનનો પ્રથમ વરસાદ નોંધાયો હોવાનું માનવામાં આવે છે. જોકે વરસાદનો વ્યાપ મર્યાદિત હોવાથી શહેરના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્ય પરિસ્થિતિ યથાવત રહી હતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ સુરત શહેર અને જિલ્લામાં પ્રિમોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ગઈ છે.

દક્ષિણ-પશ્ચિમ પવનોની અસર અને વાતાવરણમાં વધતી ભેજને કારણે આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. જોકે હાલમાં ભારે વરસાદની કોઈ ખાસ સંભાવના દેખાઈ રહી નથી. હવામાનના અનુમાન મુજબ 23 જૂન બાદ જિલ્લામાં વરસાદી ગતિવિધિઓમાં વધારો થઈ શકે છે અને ચોમાસું વધુ સક્રિય બનવાની શક્યતા છે.

## ચીખલીમાં આખી રાત વરસાદ પણ ચોપડે નોંધાયો માત્ર 4 મીમી !

**રાત્રે** વરસાદ ને દિવસે કાળઝાળ ગરમી, એક સાથે બે ઋતુના કારણે માંદગીની શક્યતા

ઘેજઃ ચીખલી તાલુકામાં સતત ત્રીજા દિવસે રાત્રિ દરમિયાન વરસાદ વરસતા ખેતીપાકોને રાહત થવા પામી હતી.

ચીખલી પંથકમાં છેલ્લા ત્રણેક દિવસથી રાત્રિ દરમિયાન વરસાદનાં ઝાપટાં આવી રહ્યાં છે. બીજી તરફ વરસાદના આ સામાન્ય ઝાપટાની સાથે વીજકંપનીના બેદરકારીભર્યા કારભારમાં વીજળીની સંતાકુકડી ચાલુ થઈ જવા પામી છે. ઉનાળાના આકરા તાપમાં ઘણા દિવસોએ કલાકો સુધી વીજ કાપ મૂકી કરવામાં આવેલ પ્રીમોન્સુનની કામગીરીના ધજાગરા ઉડી રહ્યા છે.

ગત મધ્ય રાત્રે નોંધપાત્ર વરસાદ વરસતા માર્ગો પરથી પાણી વહેતા થઈ ગયા હતા અને કેટલીક જગ્યાએ પાણી ભરાયા પણ હતા. રાત્રિના સારા વરસાદથી સૂરણ, કંદ, હળદર, શેરડી ઉપરાંત શાકભાજીના પાકોમાં સિંચાઈ થવાથી ધરતીપુત્રોને પણ કંઈક અંશે રાહત થવા પામી હતી. ખાસ કરીને પાણીની કે ખેતીની વીજળીની સમસ્યા હોય ત્યાં પાકોને જીવતદાન મળવા પામ્યું છે. ગતરાત્રિના વરસાદથી ખેતીકામો પણ વેગવાન બનશે. તાલુકામાં દિવસ દરમિયાન એકાદ ઝાપટાને બાદ કરતા ઉઘાડ નીકળતા દિવસભર તડકા સાથે ગરમી અનુભવાઈ હતી. રાત્રિ દરમિયાન નોંધપાત્ર વરસાદ હોવા છતાં ચોપડે માત્ર ૪ મી મી જ વરસાદ નોંધાતા તંત્રની વરસાદ માપવાની કામગીરી સામે અનેક સવાલો ઊભા થવા પામ્યા છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ભાવનગરમાં 13...

સુધી મુર્ગા બનવાની સજા આપવામાં આવતી હતી, એક પગે ઊભા રાખવામાં આવતા હતા, હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની બહાર જવા દેવામાં આવતા નહોતા તેમજ સમયસર જમવા, ઊંઘવા અને છેલ્લા 15 દિવસથી નાહવાની પણ છૂટ આપવામાં આવી ન હતી. દારૂ, જમણવાર અને અન્ય ખર્ચના નામે આશરે રૂ. 2.50 લાખની ઉઘરાણી કરવામાં આવી હોવાનો પણ આરોપ છે.

ફરિયાદ મળતા મેડિકલ કોલેજના ડીન દ્વારા પીડિતો, આરોપી વિદ્યાર્થીઓ અને સંબંધિત ફેકલ્ટીના નિવેદનો લેવામાં આવ્યા હતા. ત્યારબાદ મળેલી એન્ટી રેગિંગ કમિટીની મેરેથોન બેઠકમાં તમામ પક્ષકારોની પૂછપરછ કરવામાં આવી હતી.

### સુરતની 14...

ગુજરાતની યુવા પિકલબોલ ખેલાડી મહિકા રાઠોડે ખૂબ જ ટૂંકા ગાળામાં રમતજગતમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. માત્ર 14 વર્ષની ઉંમરે મહિકા પિકલબોલ ક્ષેત્રમાં ભારતની ઉભરતી પ્રતિભા તરીકે સામે આવી છે અને તેની સિદ્ધિઓએ સુરત તેમજ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

મહિકા રાઠોડે એપ્રિલ-2025માં કોચ દિવાકર અગ્રવાલના માર્ગદર્શન હેઠળ પિકલબોલની શરૂઆત કરી હતી. શરૂઆતના થોડા જ મહિનાઓમાં તેણે નવોદિત ખેલાડીમાંથી રાષ્ટ્રીય સ્તરની મેડલ વિજેતા ખેલાડી તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરી છે. એક વર્ષથી પણ ઓછા સમયમાં મહિકાએ 25થી વધુ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો છે અને 40થી વધુ વખત પોડિયમ પર સ્થાન મેળવ્યું છે. તેમાં 23 ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે.

મહિકાની વિશેષતા તેની આક્રમક રમત, ઉત્તમ કોર્ટ કવરેજ, મજબૂત ડિફેન્સ અને દબાણની સ્થિતિમાં પણ શાનદાર પ્રદર્શન કરવાની ક્ષમતા છે. માત્ર 14 વર્ષની ઉંમરે તેણે અંડર-16, અંડર-18 તેમજ ઓપન કેટેગરીના ઈન્ટરમીડિયેટ અને પ્રો લેવલના ખેલાડીઓ સામે નોંધપાત્ર જીત મેળવી છે, જે તેની પ્રતિભાનો પુરાવો છે.

પિકલબોલમાં મહિકાનું વર્તમાન DUPR (ડાયનામિક યુનિવર્સલ પિકલબોલ રેટિંગ) ડબલ્સમાં 4.04 અને સિંગલ્સમાં 3.88 છે, જે તેની સતત પ્રગતિને દર્શાવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરની તૈયારી માટે મહિકા દર અઠવાડિયે 21 કલાકથી વધુ સમય તાલીમમાં વિતાવે છે.

### દાઉદી વ્હોરા...

તન્ઝિમ સાથે સંકળાયેલા કેટલાક સેવકોએ પરિવારના સભ્યો સાથે મારપીટ કરી હતી. ઘટનામાં કેટલાક લોકોને માથા અને આંખના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જણાવવામાં આવ્યું છે, જેના કારણે તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી.

ઘટનાના પગલે સ્થળ પર હાજર અન્ય લોકોએ પણ વિરોધ નોંધાવ્યો હતો. મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમાજના સભ્યોમાં અસંતોષની લાગણી વધુ સ્પષ્ટ બની હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

વિવાદ બાદ બંને પક્ષો સલાબતપુરા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જોકે સમાજના આગેવાનો અને વડીલો વચ્ચે પડતાં મામલો વધુ ન વધે તે માટે સમાધાનના પ્રયાસો હાથ ધરાયા હતા. ઈજાગ્રસ્તો ફરિયાદ નોંધાવવા પહોંચ્યા હોવા છતાં અંતે બંને પક્ષો વચ્ચે સમાધાન થતાં પોલીસે સમાધાન લેખ લઈ કાયદાકીય કાર્યવાહી આગળ વધારી નહોતી અને બંને પક્ષોને જવા દીધા હતા. આ ઘટના અંગે સલાબતપુરા પોલીસે જણાવ્યું હતું કે, ‘કેટલાક ઈજાગ્રસ્ત લોકો સારવાર પછી ફરિયાદ નોંધાવવા આવ્યા હતા.પણ તેઓના આગેવાનો સાથે સમાધાન થતા તેમણે ફરિયાદ નહીં નોંધાવવા કહ્યું હતું.પોલીસે સમાધાન લેખની નોંધ લઈ તેઓને જવા દીધા હતા’ .આ અંગે દાઉદી વ્હોરા જમાત સુરતના અગ્રણીઓનો સંપર્ક કરતા તેઓ પ્રતિક્રિયા માટે ઉપલબ્ધ ન હતા.

### અંગત વપરાશ...

જપ્ત કરાયેલ ડ્રગ્સ માત્ર પોતાના અંગત વપરાશ માટે ખરીદ્યું હોવાનું એનસીબી પોલીસની પુછપરછમાં જણાવ્યું હતું.

### સુરતના યશ...

યશ છાબડાએ હાલમાં ‘ડ્રગ હબ’ નામની ડાર્ક વેબસાઇટ અને ક્રિપ્ટો કરન્સીનો ઉપયોગ કરીને ‘સાયકી શોપ’ નામના ડાર્ક નેટ વેન્ડર પાસેથી નેધરલેન્ડથી ૦.૫૬ ગ્રામ LSD બુક કરાવ્યું હતું, જે તા. ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ જપ્ત કરવામાં આવ્યું હતું. આ સિવાય યશ દિનેશભાઈ છાબડાએ અગાઉ ૧,૦૦૦ LSD બ્લોટ્સ ખરીદ્યા હતા અને ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ EMS ઇન્ટરનેશનલ કુરિયર દ્વારા મેળવીને વેચી દીધા હતા. તા. ૮ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ તેણે ઇન્ડિયા પોસ્ટ દ્વારા ૯૦૦ LSD બ્લોટ્સ મેળવ્યા અને પૈસા કમાવવા માટે વેચી દીધા હતા. તા. ૧૮ મે, ૨૦૨૬ ના રોજ તેણે તે જ ઇન્ડિયા પોસ્ટ દ્વારા ૧,૦૦૦ LSD બ્લોટ્સ ખરીદ્યા અને સહેલાઈથી પૈસા કમાવવા માટે પોતાના ગ્રાહકોને વેચી દીધા હતા. અંતે તેણે ૦.૫૬ ગ્રામ LSD હોવાની શંકા ધરાવતો રાખાડી રંગનો પાવડર પદાર્થ બુક કર્યો જે ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ જપ્ત થયો હતો.એનસીબી પોલીસે મહિન્દ્રાની XUV કાર અને બે મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા હતા. આ કેસમાં આરોપી યશ છાબડા પક્ષે એડવોકેટ હરેશ નાકરાણી, જ્યારે એનસીબીના સુરત ખાતેના એડવોકેટ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે પરમ દિવસે આરોપીની ધરપકડ કરી ટ્રાન્ઝીટ રિમાન્ડ માટે રજૂ કરતા આરોપીએ પોલીસે માર્યો હોવાની રજુઆત કરી હતી. જેથી કોર્ટે આરોપીની મેડીકલ તપાસ કરાવી લાજપોર જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

### કારમાં દેવ ડેર અને ધ્યાન દેસાઈ પણ યશની સાથે હતા પરંતુ તેઓ અજાણ હોવાથી જવા દેવાયા

ચેન્નાઈ એનસીબી પોલીસે જ્યારે કાર આંતરી ત્યારે કારમાં દેવ કેતનભાઈ ડેર (યોગી કોમ્પ્લેક્સ, ચોક્કી વાડીની સામે, અડાજણ) અને ધ્યાન ઉદય દેસાઈ (માધવ રેસીડેન્સી, આનંદ મહલ રોડ, અડાજણ) પણ હતા. પોલીસે આ બંનેની પ્રાથમિક પુછપરછ પણ કરી હતી. તેમજ આરોપી યશે આ બન્નેને ડ્રગ્સ બાબતે અજાણ હોવાનું નિવેદન આપ્યું હતું. પોલીસે આ બંનેના નિવેદન નોંધીને જવા દીધાં હોવાનું જાણવા મળ્યું છે.

### સુરતમાં નકલી...

કર્યો છે મુંબઈ અંધેરીના વતની અને હાલ ઉત્રાણ શિવપાર્ક સોસાયટીમાં રહેતા અને ‘પી. એન્ડ જી.’ પ્રા. લી. કંપનીમાં કોપીરાઈટ અને ટ્રેડમાર્ક પ્રોટેક્શનના અધિકારી જીતેન્દ્રભાઈ ગોવિંદભાઈ ગોસાઈની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. તેમને માહિતી મળી હતી કે, ઉત્રાણ-મોટા વરાછાથી ભરથાણા ગામ જતાં રોડ પર આવેલા મહાવીર કેમ્પસના ગોડાઉનમાં તેમજ સુદામા ચોક પાસે આવેલા વિનાયક આર્કેડના બીજા માળે દુકાન નંબર ૨૧૩માં બ્રાન્ડેડ પ્રોડક્ટ્સનું મોટાપાયે ડુપ્લિકેશન થઈ રહ્યું છે.

### જપ્ત કરાયેલી સામગ્રી

એરિયલ લખેલા ૬ કિલોના પાવડર ભરેલા ૩૪૫ બોક્સ (રૂ.૨,૪૧,૧૫૫)

» ૫ કિલોની ૨૦ પ્લાસ્ટિકની ડોલ (કિંમત રૂ.૯,૯૮૦)

» ૫૫૪ નંગ ખાલી પ્રિન્ટેડ બોક્સ

» ૨૬૬૩ નંગ કેશકિંગ શેમ્પુની બોટલો (કિંમત રૂ. ૩,૨૨,૬૦,૮૮૭)

સ- નકલી બારકોડ સ્ટીકરો, બારકોડ પ્રિન્ટ કરવા માટેનું કોમ્પ્યુટર અને પ્રિન્ટર